અપીલ અરજી નં.૨૧ તા.૨૦–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ઠાકર યોગેશકુમાર રમણીકલાલ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઠાકર યોગેશકુમાર રમણીકલાલની તા.૨૪–૨–૧૦ ની અરજીથી કતારગામ રે.સ.નં.૧૦૬૪, માં પ્લોટ નંબર ૧ થી ૧૨૫ માં દાખલ થનાર પ્લોટ ધારકનાં નામ સરનામાની વિગત. સદર સોસાયટી કોણે? અને કયારે એસ.એમ.સીમાં દાખલ થઈ તેની માહિતી ૭/૧૨ માં નામ હોવા છતાં ખેડુતોનાં નામ દાખલ ન કરવાના કારણો આપો. જમીન માલીકોએ આપેલો પાવર ઓફ એટર્નીની પ્રમાણીત કોપી તેમજ જમીન માલિકોનાં કુલમુખત્યાર તરીકે પાડવામાં આવેલા પ્લોટોના કબજેદારોનું લીસ્ટ પ્રમાણિત કરેલ કોપી સાથે આપો. સોસાયટીને દાખલ કરનાર કર્મચારી અધિકારીઓના નામ સરનામાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૧/૨૦૧૦–૧૧

શ્રી ઠાકર યોગેશકુમાર રમણીકલાલની તા.૨૪–૨–૧૦ ની અરજીથી કતારગામ રે.સ.નં.૧૦૬૪, માં પ્લોટ નંબર ૧ થી ૧૨૫ માં દાખલ થનાર પ્લોટ ધારકનાં નામ સરનામાની વિગત. સદર સોસાયટી કોણે? અને કયારે એસ.એમ.સીમાં દાખલ થઈ તેની માહિતી ૭/૧૨ માં નામ હોવા છતાં ખેડુતોનાં નામ દાખલ ન કરવાના કારણો આપો. જમીન માલીકોએ આપેલો પાવર ઓફ એટર્નીની પ્રમાણીત કોપી તેમજ જમીન માલિકોનાં કુલમુખત્યાર તરીકે પાડવામાં આવેલા પ્લોટોના કબજેદારોનું લીસ્ટ પ્રમાણિત કરેલ કોપી સાથે આપો. સોસાયટીને દાખલ કરનાર કર્મચારી અધિકારીઓના નામ સરનામાની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ./એ.આર.ડી/૯૪૧ તા.૨૦–૩–૧૦થી આપેલ માહિતી અધૂરી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા હાલ આકારણી દફતરે ઉપરોકત પ્લોટ/સર્વેની શું સ્થિતિ છે? દાખલ છે કે કેમ? કેવી રીતે? તેની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯ તા. ૨૯–૪–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તથા અરજદારને અપીલ અરજીમાં કરેલ દાવામાં ૭/૧૨ માં ખેડુતના નામ દાખલ હોવા અંગે આધાર પુરાવા રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પણ માહિતી પહોંચતી કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૪–૨–૧૦ ની અરજીથી કતારગામ રે.સ.નં.૧૦૬૪, માં પ્લોટ નંબર ૧ થી ૧૨૫ માં દાખલ થનાર પ્લોટ ધારકનાં નામ સરનામાની વિગત. સદર સોસાયટી કોણે? અને કયારે એસ.એમ.સીમાં દાખલ થઈ તેની માહિતી ૭/૧૨ માં નામ હોવા છતાં ખેડુતોનાં નામ દાખલ ન કરવાના કારણો આપો. જમીન માલીકોએ આપેલો પાવર ઓફ એટર્નીની પ્રમાણીત કોપી તેમજ જમીન માલિકોનાં કુલમુખત્યાર તરીકે પાડવામાં આવેલા પ્લોટોના કબજેદારોનું લીસ્ટ પ્રમાણિત કરેલ કોપી સાથે આપો. સોસાયટીને દાખલ કરનાર કર્મચારી અધિકારીઓના નામ સરનામાની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝે/એઆરડી/૯૪૧ તા.૨૦–૩–૧૦ થી જણાવેલ કે રે.સ. નં.૧૦૬/૪ માં પાડવામાં આવેલ પ્લોટો અંગેની માહિતી/પુરાવા બાબતેના કાગળો અત્રેના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં હાલમાં મળી શકયા ન હોય જે મળ્યેથી તમોને મોકલવામાં આવશે તેવું જણાવેલ. અરજદારને દાવાના સમર્થનમાં ૭/૧૨ માં ખેડુતના નામ દાખલ હોવા અંગે આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ. જે રજૂ કરેલ નથી. અરજદારે અપીલ અરજીમાં માંગણી મુજબ માહિતી ન મળવાને કારણે અપીલ અરજી કરેલ હોવાનું જણાવેલ. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૪–૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –પ–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઠાકર યોગેશકુમાર રમણીકલાલ,